ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૭ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૦ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ઠેર-ઠેર સ્થાનિક પ્રશ્નોમાં ઉછાળો

**કમ્પાઉન્ડ વોલમાં બાખોડા, સ્ટ્રીટલાઈટો બંધ, પાણી ભરાવાની સમસ્યા, રોડનું લેવલીંગ, પોલીસ ચોકીના કન્ટેનરોમાં સ્ટાફની નિમણૂંક ન થવી વિગેરે સમસ્યાઓથી ફરિયાદો વધી : સ્થાનિકોની રજૂઆત છતા કોઈ સત્તાધીશો યોગ્ય નિરાકરણ ન લાવતા જનતા પરેશાન**





ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં મહાનગરપાલિકાના આવ્યા બાદ શહેરીજનોની મુશ્કેલીઓ ઓછી થવાની જગ્યાએ વધી રહી છે. જેમાં જનતા દ્વારા શહેરની નાની-મોટી ફરિયાદો જે તે જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે પરંતુ જનતાનો અવાજ સત્તાધીશો સાંભળતા ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. આખરે શહેરીજનોને ફરિયાદો લઈને જવું તો ક્યાં જવું ? તેમની ફરિયાદને વાચા આપવા માટે કોઈ પડખું ફેરવતુ નથી.

તાજેતરમાં શહેરમાં સેક્ટરે સેક્ટરે કમ્પાઉન્ડ વોલની દિવાલ બનાવવામાં આવી છે. જેમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે આ કમ્પાઉન્ડ વોલની દિવાલોમાં બાખોડા પાડવામાં આવી રહ્યા છે. જેના કારણે રહીશો રોષે ભરાયા છે. કિસાનનગર સે. ૨૬માં કમ્પાઉન્ડ વોલ બનાવતી વખતે એક પણ ગેપ મુકવામાં આવ્યા નહોતા પરંતુ ખ-૬ અને ખ-૭ની વચ્ચે વનખાતાની જગ્યામાં ત્રણ-ત્રણ જગ્યાએ આ દિવાલ તોડીને બાખોડા પાડવામાં આવ્યા હતા. ત્યારે કોર્પોરેશનના સીટી ઈજનેર અને અન્ય સહ અધિકારીઓએ દિવાલ તોડનાર ઈસમો વિરૂદ્ધ કાર્યવાહી કરાવીને બાખોડા બંધ કરાવ્યા હતા. જેમાં વોર્ડ નં. ૧ ના ભૂતપૂર્વ કોર્પોરેટર દ્વારા સીટીપીમાં વગ વાપરી નવા નકશા બનાવડાવીને ૩૦૦ મીટરના અંતરમાં વનખાતાની આરક્ષિત જમીનમાં ૩ જગ્યાએ ગેપો મુકાવીને દિવાલ તોડીને બાખોડા પડાવ્યા છે. આ અંગે સ્થાનિકો દ્વારા કમિશનરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યુ છે. સીટી ઈજનેર તથા નાગરિક પૂરવઠા કાર્યપાલક ઈજનેરને રૂબરૂ જઈ રજુઆત પણ કરી હતી. જેમાં સત્તાધીશો તરફથી સ્થાનિકોને એવુ જણાવવામાં આવ્યુ હતુ કે આ કમ્પાઉન્ડ વોલમાં બાખોડા પાડવાની જોગવાઈ નકશામાં છે. સત્તાધીશો સ્થાનિકોને ગોળ ગોળ જવાબો આપીને જવાબદાર અધિકારીઓને બચાવવાનો સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે અને સ્થાનિકોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવતા નથી. આ બાખોડા પૂરવાની કાર્યવાહી ઝડપથી થવી અનિવાર્ય છે.

આ ઉપરાંત સ્માર્ટસીટી અંતર્ગત સેક્ટરના રીંગરોડ પર ડિવાઈડર, રોડ અને સ્ટ્રીટલાઈટનું કામ છેલ્લા એક વર્ષથી ગોકળગતીએ ચાલી રહ્યું છે. જેના કારણે અકસ્માતો અને ટ્રાફીકની સમસ્યા તેમજ સ્ટ્રીટલાઈટોના અભાવે વસાહતીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. આ કામ પૂર્ણ થાય તે મુજબ એજન્સીને જરૂરી સૂચના આપી કામગીરી સમેટવી જોઈએ તેથી શહેરીજનો રાહતના શ્વાસ લઈ શકે.

સ્માર્ટસીટી અંતર્ગત સેક્ટરના રીંગરોડ પર ગટર-પાણીના ખોદાણ દરમ્યાન રીંગરોડ પર માટીના થર જામી ગયા છે. તેના કારણે રીંગરોડ પર અવરજવર કરતા વાહનચાલકો, રાહદારીઓ અને વસાહતીઓને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે.

શહેરમાં કેટલીક જગ્યાએ સરકાર દ્વારા નિયત કરેલી જગ્યાઓ પર પોલીસ ચોકીના કન્ટેનર મુકવામાં આવ્યા છે, પરંતુ છેલ્લા એક વર્ષથી આ કન્ટેઈનરને કાર્યરત કરવા પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી નથી. જેથી સેક્ટરોના હિતમાં અને સલામતીના ભાગરૂપે પોલીસ સ્ટાફની ફાળવણી કરી પોલીસ ચોકી કાર્યરત કરવી જોઈએ.

## જન્મદિને વધામણી


ગોસ્વામી સંજયભારતી
યુવા કથાકાર
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦


નીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩


તક્ષ ભરતકુમાર દેસાઈ
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮


ચેતનાબેન કલ્પેશકુમાર સાગર
મો. ૮૧૫૪૦ ૦૯૦૬૦


સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫


દિયા અલ્પેશકુમાર ભાવસાર
મો. ૯૪૨૯૦ ૨૮૮૪૮



જયમીન પંચાલ
મો. ૮૩૪૭૫ ૩૦૬૦૧


મિલનબેન કે વાળા
મો. ૯૬૬૪૮ ૭૮૯૨૭


તીતીક્ષા પટેલ


મફતલાલ એસ.પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮


હેલી દિલીપભાઈ ફુચારા
મો. ૯૯૨૪૪ ૩૧૯૪૭


સેક્ટર-૨૩ ખાતે સ્વામિનારાયણ મંદિરમાં શનિવારે અવનવી ચોકલેટ થી હિંડોળા સજાવવામાં આવ્યા હતા.

## ઈન્ડિયન નેવીના વાઈસ એડમીરલ ભ્રાતા એસ.એન.ઘોરમડે એ બ્રહ્માકુમારીઝની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૬

ઈન્ડિયન નેવીના વાઈસ એડમીરલ ભ્રાતા એસ.એન.ઘોરમડે ૧૫ જુલાઈ, ૨૦૨૨, શુક્રવારે બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતે સવારના મુરલી ક્લાસમાં પહોંચ્યા હતા. સેવાકેન્દ્ર સંચાલિકા આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજીએ ક્લાસમાં બ્રહ્માકુમારીઝના સર્વ નિયમિત સ્ટુડન્ટ– બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં તેમનું આત્મસ્મૃતિનું તિલક કરી સ્વાગત અભિવાદન કરી અને શાલ ઓઢાડી, તુલસીનો છોડ ભેટ આપી સત્કાર-સન્માન કર્યું હતું.

તેમણે જણાવેલ કે, મને ૨૦૧૧માં બ્રહ્માકુમારીઝના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુમાં



બ્રહ્માકુમારીઝના ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગ યોગનું શિક્ષણ પ્રાપ્ત થયું છે. જે સાયન્ટિફિક અને મારા જીવન માટે ખૂબ જ ઉપયોગી લાગતાં ત્યારથી હું બ્રહ્માકુમારીઝના સર્વ નિયમોનું જીવનમાં પાલન કરું છું. રોજ સવારે ૩.૩૦ વાગેથી શરૂ થતો અમૃતવેળા યોગ અને સવારનો મુરલી ક્લાસ પણ નિયમિત કરું છું. મે મારા નેવી સ્ટાફ માટે પણ બ્રહ્માકુમારીઝ દ્વારા આપવામાં આવી રહેલ ભગવદ ગીતાના રહસ્યોના જ્ઞાન માટે ઓનલાઈન કાર્યક્રમ ગોઠવ્યું હતું. આ પ્રસંગે માઉન્ટ આબુના આદરણીય રાજયોગીની ઉષાદીદીજી પણ ગાંધીનગરથી પસાર થતાં તેમની સાથે પણ મિલન મુલાકાત થઈ હતી. તેમણે ખૂબ જ પ્રેમ અને આદર ભાવ સાથે પ્રભુ પ્રસાદ સ્વીકાર કર્યો અને યાદગાર સ્વરૂપે તેમણે કૈલાશ દીદીજીને નેવી એબલેમ ભેટ આપી હતી.

## ગાંધીનગર જિલ્લા સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા ધો-૧૦/૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૬

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા સંલગ્ન ગાંધીનગર જિલ્લા તથા શહેર પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા સમાજમાં શિક્ષણને ઉત્તેજન આપવા ઓગસ્ટ-૨૦૨૨માં ગાંધીનગર જિલ્લો તથા શહેર સમસ્ત પ્રજાપતિ સમાજના એપ્રિલ-૨૨માં (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)માં ધો-૧૦/૧૨માં ઉતિર્ણ થયેલ તેજસ્વી તારલાઓનું સન્માન અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા દ્વારા કરવામાં આવશે.

ધો.૧૦માં ૮૦%, ધો-૧૨ બંને પ્રવાહ ૭૦% ડિપ્લોમા અંતિમ વર્ષ, ૭૦%, કોલેજ અંતિમ વર્ષ ૬૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીની માર્કશીટની ઝેરોક્ષ નકલ પાછળ પુરેપુરુ નામ/સરનામું/મોબાઈલ નંબર તથા સંઘના આજીવન સભ્ય હોય તો આજીવન નંબર, પાસપોર્ટ સાઈઝનો ફોટો સત્વરે આપના તાલુકા પ્રમુખ/મંત્રી તથા શહેરના પ્રતિનિધીને તથા સંઘના કાર્યાલય પ્લોટ નં.૪૧૬/૨, કિશાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર ખાતે તથા મંત્રી નારાયણભાઈ એસ.પ્રજાપતિ, પ્લોટ નં.૭૯, શ્રીરંગ પાર્ક, હડમતિયા, સરગાસણને રૂબરૂ કે ટપાલ મારફતે કાર્યાલયમાં તા.૨૫/૭/૨૦૨૨ સુધીમાં અચુક પહોંચાડવાનું રહેશે.

## આજે વસુધા ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ધી વસુધા ક્રેડીટ કો.ઓ.સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા ૧૭મીએ રવિવારના રોજ બપોરે ૧થી ૫ વાગ્યે રાખવામાં આવી છે જેમાં તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવશે. સૌ સભાસદોને તથા તેજસ્વી તારલાઓને હાજર રહેવા જણાવ્યું હતું. આ સાધારણ સભાનું આયોજન બ્રહ્માણી હોલ, કડી સ્કુલ કેમ્પસ, કાલુપુર બેન્કની સામે, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

### હિંડોળા દર્શન

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૧૭ મે ને રવિવારે કેસરી ઘટાના હિંડોળા યોજાશે.

## જે.એમ.ચૌધરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





જે.એમ. ચૌધરી ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમાં ધો.૮ના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જુદા જુદા ૨૦થી વધુ છોડ શાળાનાં પ્રાંગણમાં વાવી તેનું જતન કેવી રીતે કરવું પર્યાવરણની જાળવણી કઈ રીતે કરવી તથા વૃક્ષોના ઉપયોગ વિશેની સંપૂર્ણ માહિતી શાળાના આચાર્ય અંજનાબેને આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ચૌધરી ચંદ્રિકાબેન, રમીલાબેન જી., મંજુલાબેન અને શીતલબેને માર્ગદર્શન પુરુ પાડયું હતું.

## જે.બી.પ્રાથમિક શાળામાં ફુલછડી મેકીંગ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧૬

જે.બી.પ્રાથમિક શાળામાં તાજેતરમાં વિદ્યાર્થીઓ દ્વારા ફુલછડી મેકીંગ સ્પર્ધા અને ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી તેના સુરક્ષા કવચ સાથે વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરૂભાવના વ્યક્ત કરી હતી. આ સાથે દરેક વિદ્યાર્થીઓએ શાળાનાં શિક્ષક ભાઈ-બહેનોને શ્લોકના મધુર ગાન સાથે શિષ્યભાવે સ્વપ્રયત્ને તૈયાર કરેલ પુષ્પગુચ્છ સહ કુમકુમનો ચાંદલો અને આરતી સાથે ગુરૂપુજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરુપુર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગુરુ-શિષ્યના અતુટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વકતવ્યો રજૂ કર્યા હતા.

## નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાન




ગાંધીનગર, તા.૧૬

નેચર ફર્સ્ટ દ્વારા છેલ્લા ૪૯ અઠવાડિયાથી દર શનિવારે પ્લાસ્ટીક કચરો વીણવાનું કાર્ય કરી પ્રદૂષણ મુક્ત અભિયાન થાય છે.

આ વખતે ૫૦મો અર્ધશતાબ્દી સ્વામિનારાયણ મંદિર સેકટર:૨ ગાંધીનગર ખાતે ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં સ્વામિનારાયણ મંદિરના પૂ. સ્વામિ, માન. પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી નેચર ફર્સ્ટ અને વેસ્ટર્ન સીડસના ભામાશા નારણભાઈ પી. પટેલ, મહેન્દ્રભાઈ પટેલ દાસ, કુમાર ભીમાની તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને અર્ધશતાબ્દીએ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્લાસ્ટિક ભયંકર પ્રદૂષણ બાબતે ગંભીર ચેતવણી આપી અને ધરતી રસાતળ થઈ જશે તે માટે પ્લાસ્ટિકનો વપરાશ સદંતર બંધ કરવા જણાવ્યું હતું. તેમજ એન. પી. પટેલે પણ પ્લાસ્ટિક ન વાપરવા અપીલ કરી હતી. આ સંસ્થાના સતત પ્રયાસ અને પુરૂષાર્થથી જાહેર જનતાને પણ જાગૃતિ આવેલ છે અને સરકારશ્રી એ પણ પ્રતિબંધો જાહેર કર્યા છે. કાર્યક્રમનું સમાપન હનુમાન ચાલીસાથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઘણાં અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



નર્તન ડાન્સ એકેડેમી ગાંધીનગર ખાતે આજે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઘુંઘરુ પૂજન તથા ગુરુ પૂજન કરવામાં આવ્યું તથા વાર્ષિક પરીક્ષાના સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા આ પ્રસંગે વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવવામાં આવ્યું. આ સમગ્ર આયોજન નર્તન ડાન્સ એકેડેમીના સંચાલક હાર્દિકા શુક્લા ભટ્ટ તથા મયંક ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર શાંતાબેન જવાનજી,** ઉ.વ.૭૪, વાવોલ
- **સ્વ.રાઠોડ નાનીબેન બળદેવજી,** ઉ.વ.૮૪, વડવાસા, દહેગામ
- **સ્વ.ઠાકોર રમેશકુમાર કાન્તિજી,** ઉ.વ.૩૫, મહુન્દ્રા
- **સ્વ.દંતાણી ચંપાબેન સતુભાઈ,** ઉ.વ.૭૩, કોલવડા